## ટાઉન પ્લાનિંગ શાખા

આથી જામનગર શહેરના હદ વિસ્તાર તેમજ તજેતરમાં વધારવામાં આવેલ હદ વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર જનતાને જણાવવાનું કે, અન-અધિકુત બાંધકામ રેગ્યુલરાઇઝ કરવા સબંધે ગુજરત સરકારશ્રી દ્વારા જાહેર થયેલ ઇમ્પેક્ટ એક્ટ – ૨૬/૧૧ હેઠળ તા.૧૯/૦૮/૨૦૧૩ સુધીમાં જે લોકોએ બાંધકામ રેગ્યુલરાઇઝ કરવા માટે ફક્ત અરજી ફોર્મ ભરી અરજી દાખલ કરાવેલ છે. પરંતુ ત્યારબાદ આજનિન સુધી જરૂરી નક્શા દસ્તાવેજી આધારો તેમજ અન્ય અધુરી રાખવામાં આવેલ હોય તેવી વિગતો અરજદારે પોતાની અરજીના અનુસંધાને જરૂરી પુર્તતાદિન -૭ માં ટાઉન પ્લાનિંગ શાખા, પ્રથમ માળ માં કરી જવાનું રાખવું .

સરકારી જમીનો અથવા સરકારી સંસ્થા દ્વારા નિયત રકમ લઇને ફળવવામાં આવેલ જમીનો જેવી કે ગુજરાત હાઉસિંગ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડ, મહાનગરપાલિકા, નગરપાલિકા, સતા મંડળો દ્વારા નિયત રકમ વસુઉલ લઇ તેઓના સર્ટીફીકેટ રજૂ કર્યેથી આવી જમીનો પર થયેલ બાંધકામ રેગ્યુલરાઇઝ થઇ શકશે.

સરકારશ્રી દ્વારા નિયત મુદતમાં ઇમ્પેકટ એક્ટ હેઠળ ઇન્વર્ડ થયેલ અરજીઓની નિકાલ કરવાની સમય મર્યાદા (કટ ઓફ ડેઇટ) તા.૧૮/૦૮/૨૦૧૫ સુધી વધારવામાં આવેલ છે.

ટાઉન પ્લાનિંગ શાખામાં ઘણાં પ્રકરણો એવા છે કે જેની ઇમ્પેકટ એક્ટ હેઠળ જાવક આપ્યા બાદ આર્કિટેક્ટ / અરજદાર દ્વારા પુર્તતા કરવામાં આવેલ નથી. આવા બાંધકામો નિયત સમય મર્યાદામાં ઇમ્પેક્ટ એકટ રેગ્યુલર કરવામાં આવેશે નહી તો તા.૧૮/૦૮/૨૦૧૫ બાદ ગેરકાયદેસર ગણી આવા બાંધકામો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની દરેક અસરકર્તા આસામીઓએ નોંધ લાઇ હાલે ટાઉન પ્લાનિંગ શાખામાં ઇમ્પેક્ટ એક્ટ હેઠળ બાંધ્કામ રેગ્યુલરાઇઝ કરવાની કામગીરી પણ હાલે ચાલુ છે. જેમાં બાકી રહેતા અસરકર્તાઓએ ગેરકાયદેસર રેગ્યુલરાઇઝ કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.